Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# સુરત અધિવેશનમાં કોંગ્રેસનાં ભાગલા: ક.મા. મુનશીના નજરે

હેમંત જી. ચૌધરી

પીએચ.ડી. શોધાર્થી, ઇતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી,

વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦, મો. ૯૭૨૭૪૫૨૩૧૪

**સારાંશ:** હિંદી રાષ્ટ્રીય મહાસભા સમગ્ર દેશની એક માત્ર રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા હતી. લોકશાહી અને તેના મૂલ્યોને વરેલી કોઈપણ સંસ્થામાં મતભેદો તો જરૂર પડવાના જ. એ નિયમ અનુસાર મવાળ અને જહાલ એમ કોંગ્રેસના બંને જૂથો વચ્ચેના મતભેદો સુરતના અધિવેશનમાં સપાટી પર આવ્યા એટલું જ નહિ, પરંતુ તે પ્રસંગે રાજકીય વાતાવરણમાં હિંસારૂપી જ્વાળામુખી પ્રગતિ ઉઠ્યો. આ યાદગાર અધિવેશન પરત્વે અનેક ગ્રંથો અને લેખો પ્રસિદ્ધ થયા છે અને સૌ વિદ્વાનોએ પોતપોતાની વિચારધારાઓને અનુસરીને તેનું મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કર્યો છે. જેમાં ક.મા. મુનશીએ પણ સુરત અધિવેશન દરમિયાન થયેલા કોંગ્રેસના ભાગલાઓનું વિવરણ તેમના પુસ્તક ‘સ્વપ્નદ્રષ્ટા’માં કર્યું છે. જેમાં તેમને સુરત અધિવેશનમાં લાલ-બાલ-પાલનાં કેમ્પમાં સ્વયંસેવક તરીકે જોડાયને પોતે જે નજરે જોયું હતું તે તેમજ જે પ્રસંગો બન્યાં હતા તેનો ઉલ્લેખ કર્યો છે.

**ચાવીરૂપ શબ્દો:** ક.મા. મુનશી (કનૈયાલાલ મુનશી), ફિરોજશાહ મહેતા, લોકમાન્ય ટિળક, હિંદી રાષ્ટ્રીય મહાસભા (ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ), સુરત અધિવેશન, મવાળવાદી (ઉદારવાદી), જહાલવાદી (ઉગ્રવાદી).

**પ્રસ્તાવના:** ૧૯મી સદી દરમ્યાન હિંદમાં અનેક રાજકીય અને સામાજિક સંસ્થાઓની સ્થાપના થઇ ચુકી હતી. આ સંસ્થાઓની કામગીરીના લીધે હિંદની પ્રજામાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદમાં નોંધપાત્ર વધારો થયો હતો. તેના પરિણામે હિંદના આગેવાન નેતાઓને બ્રિટીશ સરકાર વિરુદ્ધ દેશવ્યાપી લડત ચલાવવા માટે એક રાષ્ટ્રીય સંસ્થા સ્થાપવાની જરૂર જણાઈ હતી. પરંતુ હિંદમાં આવી રાષ્ટ્રીય સંસ્થા સ્થાપવાનો યશ એક અંગ્રેજ નિવૃત્ત અધિકારી એ.ઓ. હ્યુમનાં ફાળે જાય છે. એ.ઓ.હ્યુમે દેશના આગેવાન નેતાઓ સાથે અને તત્કાલીન સમયના હિંદના ગવર્નર જનરલ લોર્ડ ડફરીન સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ ઈ.સ. ૧૮૮૫માં ‘હિંદી રાષ્ટ્રીય મહાસભા’ની સ્થાપના કરી હતી. હિંદી રાષ્ટ્રીય મહાસભાને ‘ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ’ નાં

નામથી પણ ઓળખવામાં આવે છે. આ મહાસભાનો મુખ્ય ઉદ્દેશ હિંદમાંથી બ્રિટીશ સામ્રાજ્યને દૂર કરવાનો ન હતો પરંતુ હિંદના લોકોને જવાબદાર રાજ્યતંત્ર મળે અને હિંદીઓ પોતાના પ્રશ્નોનો ઉકેલ પોતે જ લાવી શકે તેવી રાજકીય ભાવના કેળવવાનો હતો. જ્યારે કેટલાક ઈતિહાસકારો મહાસભાની સ્થાપનાનો ઉદ્દેશ ભારતની અંગ્રેજ સરકારને બચાવવાનો તથા હિંદમાં વિકસતા જતા ક્રાંતિકારી વિચારોને રોકવાનો એટલે કે ‘સેફટી વાલ્વ’ તરીકેનો હતો એવું જણાવે છે(જગમોહન ૨૦૦૪:૫૧).

હિંદી રાષ્ટ્રીય મહાસભાનું પ્રથમ અધિવેશન ૨૮મી ડિસેમ્બર ૧૯૮૮ના રોજ મુંબઈમાં ભરાયું હતું. જેમાં હિંદના જુદા-જુદા વિસ્તારમાંથી ૭૨ જેટલા પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. આ અધિવેશનમાં વ્યોમેશચંદ્ર બેનરજીની અધ્યક્ષ પદે નિયુક્તિ કરવામાં આવી હતી. તે ઉપરાંત નરેન્દ્ર સેન, દાદાભાઈ નવરોજી, ફિરોજશાહ મહેતા, સુરેન્દ્રનાથ બેનરજી, દિનશા વાચ્છા, રાનડે, બદરુદ્દીન તૈયબજી વગેરે જેવા મુખ્ય આગેવાનો અધિવેશનમાં ઉપસ્થિત રહ્યા હતા. આ અધિવેશનમાં કુલ ૯ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા અને દર વર્ષે હિંદનાં જુદા-જુદા શહેરોમાં મહાસભાના અધિવેશનો બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું(ધારૈયા ૨૦૦૦:૪૮-૪૯).

શરૂઆતના તબક્કામાં હિંદી રાષ્ટ્રીય મહાસભાનું નેતૃત્વ ઉદારવાદી એટલે કે મવાળવાદી નેતાઓના હાથમાં હતું. જેમાં સુરેન્દ્રનાથ બેનરજી, વ્યોમેશચંદ્ર બેનરજી, દાદાભાઈ નવરોજી, ફિરોજશાહ મહેતા, બદરુદ્દીન તૈયબજી, રાસબિહારી ઘોષ, ગોપાલકૃષ્ણ ગોખલે વગેરેનો સમાવેશ થતો હતો. તેઓ અંગ્રેજ સરકાર સમક્ષ પ્રાર્થના, અરજી અને પ્રતિનિધિત્વનો માર્ગ અપનાવીને હિંદની સમસ્યાઓને રજૂ કરવામાં માનતા હતા. આમ, મહાસભાનું શરૂઆતનું સ્વરૂપ નમ્ર અને ઉદાર પ્રકારનું હતું. જેના પરિણામે મહાસભાની ધીમી કાર્યવાહી અને ઉદારનીતિના પરિણામે હિંદમાં ઉદ્દામવાદી વિચારસરણીનો વિકાસ થયો હતો. જેમાં લાલ-બાલ-પાલની ત્રિપુટી તરીકે ઓળખાતા લાલા લજપતરાય, બાળ ગંગાધર ટિળક અને બિપીનચંદ્ર પાલ તથા અરવિંદ ઘોષનો સમાવેશ થતો હતો. આ ઉદ્દામવાદી વિચારસરણી ધરાવતા જહાલવાદી નેતાઓ હિંદને વહેલી તકે સ્વરાજ્ય પ્રાપ્ત થાય તેવું ઇચ્છતા હતા અને તે માટે સ્વાતંત્ર્ય લડતની તરફેણ કરતા હતા. આમ ઉદારવાદી અને ઉગ્રવાદી એવી વિચારસરણીમાં ભેદભાવની નીતિના પરિણામે ઈ.સ. ૧૯૦૭ના સુરત અધિવેશનમાં કોંગ્રેસ બે ભાગમાં વહેચાય ગયું હતું (ધારૈયા ૨૦૦૦ : ૧૭૫). કનૈયાલાલ મુનશીની નજરે સુરત અધિવેશનમાં થયેલા કોંગ્રેસના ભાગલા અંગેની વાત કરીએ તે પહેલા તેમના જીવન પરિચય વિષે ટૂંકમાં માહિતી મેળવીએ.

**ક.મા. મુનશીનો જીવન પરિચય**: ક.મા. મુનશીને મોટાભાગે એક સાહિત્યકાર તરીકે જ ઓળખવામાં આવે છે. પરંતુ તેઓ સાહિત્યકારની સાથે સાથે રાજકારણી, વકીલ અને સ્વાતંત્ર્ય સેનાની પણ હતા. તેમનો જન્મ ૩૦મી ડિસેમ્બર ૧૮૮૭ના દિવસે ભરૂચમાં થયો હતો. તેમના પિતાનું નામ માણેકલાલ અને માતાનું નામ તાપીબા હતું. તેમને છ બહેનો હતી. ક.મા. મુનશીએ તેમની પ્રથમ પત્નીનું અવસાન થતા બે વાર લગ્ન કર્યા હતા. પ્રથમ પત્નીનું નામ અતિલક્ષ્મી અને બીજી પત્નીનું નામ લીલાવતી હતું. તેમને ૧૯૦૧માં મેટ્રિકની પરીક્ષા પાસ કરીને ઈ.સ. ૧૯૦૨મા વડોદરાની કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો અને 'એલિઝ પ્રાઈઝ' સાથે વિનયન શાખામાં સ્નાતકની પદવી મેળવી હતી. તેમને ઈ.સ. ૧૯૧૦મા એલએલ.બી.ની પરીક્ષા પાસ કરી ૧૯૧૩થી મુંબઈમાં વકીલાતના વ્યવસાયમાં જોડાયાં હતા. તેઓ ઈ.સ. ૧૯૧૫-૨૦ના સમયગાળા દરમ્યાન હોમરૂલ લીગના મંત્રી તરીકે રહ્યા હતા. ઈ.સ. ૧૯૩૦મા તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાયાં હતા. ઈ.સ. ૧૯૩૦-૩૨ દરમ્યાન સ્વાતંત્ર્ય લડતમાં જોડાવા બદલ તેમને અવારનવાર જેલવાસ પણ ભોગવ્યો હતો. તેઓ ઈ.સ. ૧૯૪૮મા હૈદરાબાદના વિલીનીકરણમાં એજન્ટ જનરલ અને ભારતીય બંધારણ ઘડતર સમિતિના સભ્ય તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ ઈ.સ. ૧૯૬૦મા તેમને રાજકારણમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. ૮મી ફેબ્રુઆરી ૧૯૭૧ના દિવસે મુંબઈમાં તેમનું અવસાન થયું હતું(વ્યાસ ૨૦૧૭:૧૯૧).

**સુરત અધિવેશનમાં કોંગ્રેસના ભાગલા - ક.મા. મુનશીના નજરે**:ઈ.સ. ૧૯૦૬માં કલકત્તામાં કોંગ્રેસનું અધિવેશન મળ્યું હતું. આ અધિવેશનમાં નક્કી થયા મુજબ હવે પછીનું અધિવેશન નાગપુરમાં ભરાવાનું હતું. તેને માટે તૈયારીઓ એટલે સુધી થઇ ગઈ હતી કે કોંગ્રેસ પ્રમુખ તરીકે લોકમાન્ય ટિળકનું નામ લગભગ નક્કી જ કરી દેવામાં આવ્યું હતું. પરંતુ મવાળપક્ષાને આ વાતની ગંધ આવી જતા મુંબઈમાં ફિરોજશાહને ત્યાં છેવટે બંને પક્ષના આગેવાનોની સભા થઇ. ફિરોજશાહે ડૉ.રાસબિહારી ઘોષનું નામ સૂચવ્યું. જ્યારે ડૉ. મુંજેએ ટિળક માટે આગ્રહ કર્યો. આવી સંજોગોમાં સુરતનું એક પ્રતિનિધિમંડળ મુંબઈ આવી પહોચ્યું અને તેને આગામી કોંગ્રેસ અધિવેશન માટે સુરતનું નિમંત્રણ આપ્યું. આમ છેવટે કોંગ્રેસના અધિવેશનના સ્થળ તરીકે સુરત પર પસંદગી ઉતારવામાં આવી હતી (કાદરી ૨૦૦૧:૧૧૮).

ઈ.સ. ૧૯૦૭મા ક.મા. મુનશી મુંબઈમાં એલએલ.બી.નો અભ્યાસ કરતા હતા. મુંબઈથી જ તેઓ તેમના મિત્રો સાથે ૨૦મી ડિસેમ્બર ૧૯૦૭નાં રોજ કોંગ્રેસ અધિવેશનમાં ભાગ લેવા માટે સુરત આવી પહોંચ્યા હતા. સુરતના નાનપુરા વિસ્તારમાં દરાશા નામની વ્યક્તિના ઘરે તેમને ઉતારો આપવામાં આવ્યો હતો અને ત્યાં જ તેમને રાત્રિ રોકાણ કર્યું હતું. ક.મા. મુનશી જહાલવાદી વિચારસરણી ધરાવતા હતા. તેથી તેઓ લાલ-બાલ-પાલના કેમ્પમાં સ્વયંસેવક તરીકે જોડાયાં હતા(મુનશી ૧૯૬૭:૨૧). બીજા દિવસે વહેલી સવારે તેઓ તેમના મિત્રો સાથે

સુરત શહેરની શોભા જોવા માટે નીકળ્યા હતા. સવારથી જ સુરત શહેરના રસ્તાઓ ઉપર કીડીની માફક લોકોની ભીડ ઉમટી પડી હતી અને 'વંદે માતરમ્', 'તિલક મહારાજ કી જય', 'લાલ-બાલ-પાલ કી જય' નાં નારાઓ લગાવતા હતા.

સુરતના હરિપુરા વિસ્તારમાં જહાલવાદી વિચારસરણી ધરાવતા લોકોનો જમાવડો થયો હતો. જ્યાં તેઓ સવાર, બપોર અને સાંજના સમયે સભાનું આયોજન કરતા હતા. જ્યારે રાત્રે બાલાજી ચોકમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાલા લજપતરાયનાં શાંત વચનો, અજિતસિંહનાં જ્વાલા સમા શબ્દો, ટિળકનાં મેહણા અને આક્ષેપો, ખાપરડે નાં બીભત્સ ટૂચકા ભરેલું ભાષણ સભાને ગજવી મુકતા હતા. જ્યારે સુરતના અઠવાલાઈન્સ વિસ્તારમાં આવેલા બંગલાઓમાં મવાળવાદી નેતાઓને ઉતારો આપવામાં આવ્યો હતો. તેઓ ત્યાંથી જ સવારે, બપોરે અને સાંજે તેમના કાર્યક્રમો ચલાવતા હતા.

૨૬મી ડિસેમ્બર ૧૯૦૭ના રોજ એક વાગ્યે સુરતના ફ્રેંચ ગાર્ડનમાં કોંગ્રેસનું અધિવેશન ભરાવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ૨૬મી તારીખે સવારથી જ સુરતના ફ્રેંચ ગાર્ડન આગળ ભીડ જામી હતી. અધિવેશનનો સમય થતા જ જહાલવાદી નેતાઓ અને મવાળવાદી નેતાઓ વારાફરતી આવવા લાગ્યા હતા. અધિવેશનની શરૂઆત સંગીતથી કરવામાં આવી હતી. સંગીત પૂરું થતા જ ઉદારવાદી નેતાઓએ રાસબિહારી ઘોષની પ્રમુખપદ માટેની દરખાસ્ત રજૂ કરી હતી. પરંતુ જહાલવાદીઓએ લાલા લજપતરાયને પ્રમુખ બનાવવાનો આગ્રહ કર્યો હતો. જો કે જહાલવાદી નેતાઓએ ઈ.સ. ૧૯૦૬ના કલકત્તા અધિવેશને કરેલા બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ અને સ્વરાજ્ય માટેના મહાસભાના ઠરાવો ચાલુ રહે તે શરતે રાસબિહારી ઘોષને ટેકો આપવાની તૈયારી દર્શાવી હતી. પરંતુ મવાળવાદી નેતાઓ આવી કોઈ બાહેંધરી આપવા ઇચ્છતા ન હતા તેથી બંને પક્ષો વચ્ચે સંઘર્ષ થયો હતો. આ સંઘર્ષમાં બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલીને પરિણામે તે દિવસે અધિવેશન મુલતવી રાખવાની ફરજ પડી હતી. બીજા દિવસે સવારે ટીળકે અને તેના સાથીદારોએ બહિષ્કાર, સ્વરાજ્ય અને રાષ્ટ્રીય શિક્ષણ ને લગતા કલકત્તા અધિવેશનના ઠરાવો યથાવત રાખવા માટે ફરી ગોપાલકૃષ્ણ ગોખલે અને તેમના સાથીદારોને વિનંતી કરી, પરંતુ તેઓ તે માટે સહમત થયા નહિ. બપોરે મળેલા અધિવેશનમાં ટિળક કોંગ્રેસના પ્રતિનિધિઓને પોતાનું મંતવ્ય સમજાવવા માટે થોડો સમય પોતાને વક્તવ્ય આપવા માટે પરવાનગી માંગી જેનો ઇન્કાર કરવામાં આવ્યો. પરિણામે અધિવેશનમાં ભારે અંધાધૂંધી ફેલાઈ અને બંને પક્ષના સભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થતા અધિવેશનને ફરી અચોક્કસ મુદત માટે મોકૂફ રાખવાની ફરજ પડી હતી. આમ, સુરત અધિવેશન બાદ કોંગ્રેસ જહાલવાદ અને મવાળવાદ એવા બે ભાગોમાં વિભાજીત થઇ ગઈ હતી. તે જ દિવસે સાંજે સુરતના હરિપુરા વિસ્તારમાં જહાલવાદી નેતાઓની સભા મળી. જેમાં કોંગ્રેસમાં ભાગલા પડ્યા

તે બાબતે દિલગીરી વ્યક્ત કરવામાં આવી હતી. તે ઉપરાંત આ સભામાં કોંગ્રેસ હોય તો રાજકીય આદર્શોવાળી જ હોવી જોઈએ અને હવે બ્રિટીશ સરકાર પાસેથી ભીખ માંગવાના દિવસો પણ ગયા એવું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌ છુટા પડ્યા હતા.

ક.મા. મુનશી નોંધે છે કે, "કોંગ્રેસના સુરત અધિવેશન બાદ સુરતમાં શેરીએ-શેરીએ, ઘરે-ઘરે બબ્બે પક્ષો જહાલ અને મવાળ પડી ગયા હતા. મવાળ બાપના જહાલ પુત્રે પિતાનું ઘર છોડી દીધું હતું. જહાલ અને મવાળ ભાઈઓ જમતાં-જમતાં, થાળી-વાટકીએ મારામારી કરી પડતા હતા. ઓટલે બેસીને ગપ્પા મારતી સહેલીઓએ અબોલા લીધા હતા. જ્યારે જહાલ પિતાની પુત્રીને મવાળ પતિએ પિયરે જતી બંધ કરી દીધી હતી(મુનશીના પુસ્તક 'સ્વપ્નદ્રષ્ટા' માંથી)".

**સમાપન**: આમ, કોંગ્રેસનું સુરત અધિવેશન ઐતિહાસિક દ્રષ્ટીએ ખુબ જ મહત્વનું સાબિત થયું હતું. જેમાં ઉદારવાદીઓ અને ઉગ્રવાદીઓની વિચારસરણીમાં ભેદભાવને લીધે કોંગ્રેસ મવાળ અને જહાલ એવા બે ભાગોમાં વહેંચાય ગયું હતું. ક.મા. મુનશી પણ આ અધિવેશનમાં મુંબઈથી આવીને જોડાયાં હતા. તેઓ જહાલવાદી વિચારસરણીમાં માનતા હોવાથી લાલ-બાલ-પાલના કેમ્પમાં સ્વયંસેવક તરીકે જોડાયાં હતા. આમ, ક.મા. મુનશી વિદ્યાર્થીકાળથી જ શિક્ષણની સાથે-સાથે રાજકીય પ્રવૃત્તિઓમાં પણ સક્રીય રહેતા હતા.

**સંદર્ભસૂચિ**


- કાદરી, રિઝવાન. ૨૦૦૧. ગુજરાતમાં કોંગ્રેસ પક્ષનો ઉદય અને વિકાસ ૧૮૮૫ - ૧૯૨૨. અમદાવાદ: પાર્શ્વ પબ્લીકેશન.
- જગમોહન, સરલા(અનુ.). ૨૦૦૪. સ્વાધીનતા સંગ્રામ. નવી દિલ્હી: નેશનલ બુક ટ્રસ્ટ.
- ધારૈયા, રમણલાલ. ૨૦૦૦. આધુનિક ભારતનો ઈતિહાસ. ભાગ-૧. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
- મુનશી, કનૈયાલાલ. ૧૯૬૭. સીધાં ચઢાણ. અમદાવાદ: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
- મુનશી, કનૈયાલાલ. ૨૦૦૦. સ્વપ્નદ્રષ્ટા. ગાંધીનગર: ગુજરાતી સાહિત્ય અકાદમી.
- વ્યાસ, રજની. ૨૦૧૭. ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ. અમદાવાદ: અક્ષર પ્રકાશન.